**Navgujarat Samay**

**EDII**

**March 11, 2022**
**Pg.4**

# ઇડીઆઇઆઇ દ્વારા ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢની યુનિવર્સિટીઓના પ્રોફેસરો માટે 5 દિવસના તાલીમ



**નવગુજરાત સમય** > અમદાવાદ: ઈનોવેશનને પ્રોત્સાહન આપવા અને ઉદ્યોગસાહસિકતા સાથે વિદ્યાર્થીઓને જોડવાના ઉદ્દેશ સાથે ઈડીઆઈઆઈએ અનેક યુનિવર્સિટી સાથે પાયાના સ્તરે કામ શરૂ કર્યું છે. આ ઉપક્રમે ઉત્તર પ્રદેશ અને છત્તીસગઢની 5 યુનિવર્સિટીના 24 પ્રોફેસર માટે ઈડીઆઈઆઈ દ્વારા 5 દિવસના નિઃશુલ્ક તાલીમ કાર્યક્રમનું આયોજન થયું છે. આ તાલીમ કાર્યક્રમ 7 માર્ચથી શરૂ થયો છે. આંતરપ્રિન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), અમદાવાદના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ તાલીમ કાર્યક્રમનું ઉદઘાટન કર્યું હતું અને પ્રોફેસરોને સંબોધન કરતા ઉદ્યોગસાહસિકતાની તાલીમના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે, આપણે આત્મનિર્ભર બનવા માટે ઉદ્યોગસાહસિકતાને વિદ્યાર્થી જીવન સાથે અપનાવવી પડશે.